# ગુજરાત વિધાનસભા

-----------

## પંદરમી વિધાનસભા

## ત્રીજું સત્ર-ટેસ્ટીંગ

-----------

## દિવસના કામકાજની યાદી

૧. **શોકદર્શક ઉલ્લેખો**

(૧) ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી સ્વ.શ્રી દિલીપભાઇ રમણલાલ પરીખ તથા પૂર્વ મંત્રી સ્વ.શ્રી વિઠ્ઠલભાઇ હંસરાજભાઇ રાદડિયા, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી ડાહ્યાભાઇ પીતાંબરદાસ પટેલ, સ્વ.શ્રી વ્રજલાલ ગીરધરભાઇ ધાણક અને સ્વ.શ્રી ગોપાલભાઇ ગાભાભાઇ ધુઆના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો.

૨. **પ્રશ્નોત્તરી**
**તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ, ઉદ્યોગ, ગૃહ, શહેરી વિકાસ, બંદરો, ખાણ-ખનિજ, માહિતી પ્રસારણ, પેટ્રોકેમિકલ્સ, કલાયમેટ ચેન્જ, આયોજન, સાયન્સ એન્ડ ટેકનોલોજી, જળસંપત્તિ, તમામ નીતિઓ અને કોઇ મંત્રીશ્રીઓને ન ફાળવેલ હોય તેવી તમામ બાબતો

(૨) માનનીય મહેસૂલ મંત્રીશ્રી

(૩) માનનીય પોલીસ હાઉસીંગ, બોર્ડર સિક્યુરિટી, સીવીલ ડીફેન્સ, ગ્રામ રક્ષક દળ, જેલ, નશાબંધી આબકારી, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતી પ્રભાગ, પ્રોટોકોલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

૩. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

(૧) નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશ(શૈલેષ પરમાર)માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોરશેઃ- તાજેતરમાં અમદાવાદમાં બોપલ ખાતેની ડીપીએસ ઇસ્ટ સ્કૂલ દ્વારા ખોટી **NOC** રજૂ કરી માન્યતા મેળવેલ હોવાનું બહાર આવતા આ શાળા અનિશ્ચિત મુદત સુધી બંધ કરવાથી આ શાળામાં ભણતાં વિદ્યાર્થીઓના અભ્યાસ પર ગંભીર અસર થઈ છે અને વાલીઓ નવી શાળાઓમાં પ્રવેશ મેળવવા માટે મુંઝવણ અનુભવી રહ્યા છે ત્યારે આ શાળા સંચાલકો સામે યોગ્ય કાર્યવાહી કરી વિદ્યાર્થીઓના ભણતરને અસર ન થાય તે માટે સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

૪. **વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

(૧) સન ૨૦૧૯નો વટહુકમ ક્રમાંક-૧-સન ૨૦૧૯નો ગુજરાત સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસોના (સ્થાપન અને કામગીરી સરળ બનાવવા) બાબત વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન........**ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૨) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન..... **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર**

(૩) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન..... **માનનીય રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી રમણભાઈ પાટકર**

(૪) સન ૨૦૦૩ના ભારતીય વીજ અધિનિયમ અન્વયેના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા તા.૩૦/૯/૨૦૧૯ના રોજ બહાર પાડવામાં આવેલા "ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને ઓમ્બુડસમેન વિનિયમો, ૨૦૧૯- જાહેરનામા નં ૨/૨૦૧૯..... **માનનીય ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

## ૫. અનુમતિ મળેલાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવાં

(૧) તેરમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં અને ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા અને ચોથા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૧૮ અને સન ૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૨, ૪ અને ૧૦ તથા ચોથા સત્રમાં પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૯નાં વિધેયક ક્રમાંક-૧૧, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૩૬ વિધાનસભાના મેજ ઉપર મૂકવાં .........**સચિવશ્રી, ગુજરાત વિધાનસભા**

## ૬. સરકારી વિધેયકો

(૧) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૩૪-સન ૨૦૧૯નું ગુજરાત સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસો (સ્થાપન અને કામગીરી સરળ બનાવવા બાબત) વિધેયક
..........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન
......**ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૨) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૩૫-સન ૨૦૧૯નું ગુજરાત વિદ્યુત શુલ્ક (દ્વિતીય સુધારા) વિધેયક ..........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન..... **માનનીય ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

વિધાનસભા ગૃહ
ગાંધીનગર
તારીખ:૧૭ ઑગસ્ટ ૨૦૨૩

ડી. એમ. પટેલ
સચિવ
ગુજરાત વિધાનસભા